
**Veer Narmad**
**South Gujarat University, Surat**
Re-accredited by NAAC with 'A' grade
सत्यम् ज्ञानम् अनन्तम्




# ઈ–દક્ષિણાયન
## Dakshinayan e-Newsletter
For Private Circulation Only

Vol. 12, Issue. 218, July 2021

મને જયારેય કોઈ પૂછે છે કે હવે શું ? તો હું હંમેશ એક જ જવાબ દઉં છું કે ''યાહોમ કરીને પડો ફતેહ છે આગે.' મારા જીવનમાં ''યાહોમ'' શબ્દ ઊતરી ગયો છે.

–ઈન્દુલાલ યાજ્ઞિક

### દીપે અરુણું પરભાત

પ્રિય વાચક મિત્રો,

શ્રી ઈન્દુલાલ યાજ્ઞિકનો જન્મ નડિયાદમાં સને ૧૮૯૨માં થયેલો. દેહાંત ૧૭ જુલાઈ ૧૯૭૨ના રોજ થયો. આઝાદી આંદોલનમાં અગ્રિમ હરોળમાં હતા. સમાજના શોષિતવર્ગોના આગ્રહી પક્ષકાર હતા. એમનાં આંદોલનોનું એ નેતૃત્વ કરતા અને સફળતા મેળવતા. અપક્ષ ઉમેદવાર તરીકે લોકસભામાં પહોંચ્યા હતા. ૧૯૫૭ થી ૭૯ સુધી બીજી, ત્રીજી અને ચોથી લોકસભાના સભ્ય રહયા હતા. સાદગી, ધ્યેય પરત્વેની એકાગ્રતા અને ચારિત્ર્યના બળને પરિણામે ગુજરાતના જીવન ઉપર એ ઘેરો પ્રભાવ મૂકતા ગયા છે. કામદાર નેતા અને સાહિત્યકાર હતા. સત્તાથી હંમેશાં દૂર. ફકીરી જીવનમંત્ર. પોતાના વિષે એમણે કહયું : ''હું તો ઝૂંપડાનો માનવી છું. પગથી પર જીવતો આદમી છું. ત્રીજા વર્ગની જનતાનો માનવી છું. ગરીબ કિસાનો વચ્ચે બેસવું, એમની ઝૂંપડીઓમાં જવું અને એમની વિચારધારા ઝીલવી, એ મારું કાર્ય છે. એ શ્રમજીવીઓના શ્રમ અને આદર્શો તથા મારી સેવાનો સમન્વય સધાશે તો હું જે ક્રાંતિ કરવા ધારું છું એ કરી શકીશ.''

'મહાગુજરાત' આંદોલન એમના સફળ નેતૃત્વનું સોનેરી પૃષ્ઠ હતું. આ આંદોલનથી ઈન્દુલાલ યાજ્ઞિકમાંથી 'ઈન્દુચાચા' રૂપે નવું કલેવર પ્રાપ્ત થયું. ઈન્દુચાચા બહુમુખી પ્રતિભા–શકિત ધરાવતા હતા. ખેડૂતો અને અમદાવાદના મિલ–મજૂરોના અને આદિવાસીઓના સેવક હતા. ઈન્દુચાચાએ ચાર ફિલ્મો તૈયાર કરી હતી. એમના ગુજરાતી પ્રવચનમાં ભાગ્યે જ અંગ્રેજી શબ્દ આવતો. ગુજરાતી ભાષા પર અનોખો કાબૂ હતો. આયર્લેન્ડની મુકિતની લડાઈમાં દ'વેલેરોની સાથે અંગ્રેજીમાં પણ પ્રવચન આપ્યાં.

સાહિત્યકાર ઈશ્વર પેટલીકર જણાવે છે કે ''ઈન્દુભાઈએ ભગવાં કપડાં પહેર્યાં નહિ, અને સાધુ–બાવા તરીકે ધૂણી ધખાવી. એ કોઈ જગાએ બેઠા નહિ એટલે એ અવધૂત ન કહેવાય એટલું જ ; બાકી આ એમની ઓફિસ અને શરીર ઉપરનાં કપડાંનો દેદાર જોઈને મસ્ત ખાખી બાવા જ લાગે.... માણસની મહત્તા નથી જીતમાં, કે નાનમ નથી હારમાં. મહત્તા છે પ્રામાણિક માન્યતા પ્રમાણેના આચરણમાં, નાનમ છે દંભમાં.''

'નવજીવન અને સત્ય', 'યંગ ઈન્ડિયા', 'યુગધર્મ' વગેરે પત્રોમાં ઈન્દુચાચાની કલમે ચમકારો બતાવેલો. ગામડાઓમાં ઘૂમવું, પછાત વર્ગોનાં કાર્યો કરવાં, દુકાળ કે એવા સંકટ સમયે રાતદિવસ કામ કરેલું. 'જર્મન વોર ઓફ ઈન્ડિપેન્ડન્સ'નાં ચાર વોલ્યુમ વાંચ્યા અને વકીલાત છોડી.

ઈન્દુચાચાએ એમની આત્મકથાના ૬ ભાગ ગુજરાતી સાહિત્યને આપ્યા. જેમાં એમણે ગુજરાતના પ્રજા જીવનનો, એના પાત્રોનો, એના રીતરિવાજ, એના સંસ્કાર અને ઘડતરનું આલેખન કર્યું. આ આત્મકથા વિષે ઈન્દુચાચા કહે છે કે '' આ સાર્વજનિક જીવનના ઈતિહાસને આ પુસ્તકમાં સ્વાભાવિક રીતે મારી જીવનકથા સાથે વણવામાં આવ્યો છે. મારાં માનસિક અને બાહ્ય જીવનને આલેખતાં મારા માનસના વિકાસ અને વળાંક પર જ મેં ઘ્યાન એકાગ્ર કર્યુ છે. સન ૧૯૧૫માં દેશસેવાનું જીવનવ્રત લઈને હિન્દ સેવક સમાજમાં હું જોડાયો ત્યારથી મારા ખાનગી ઘરની માફક અંગત જીવનની દીવાલો અને છાપરું ઊડી ગયાં. ગુજરાત મારું ઘર બન્યું અને આત્મશ્રઘ્ધા અને આકાશનો જ મેં આશરો લીધો. છતાં મારું મન અને હૃદય, કલ્પના ને રસવૃત્તિ, સમગ્ર માનસ અને આત્મા કાયમ રહ્યાં. તેના વિહારનું ક્ષેત્ર વ્યાપક બન્યું. છતાં અંતરમાં વિચારશકિત સળવળતી રહી. તેથી કંઈક–કંઈક સંયોગોથી મારું માનસ પલટાતું ગયું ને તેથી વળી મારા બાહ્યજીવનનાં વહેણ બદલાતાં ગયાં. આમ મારા સંયોગ અને માનસના પરસ્પર આઘાત અને પ્રત્યાઘાતની કહાણી મેં જરા ઝીણવટથી અને વિગતસર આપી છે. તેમ કરતાં કંઈક અંશે મારા મગજને ગુજરાતના ખીલતા માનસના પ્રતિબિંબરૂપ ગણીને તેને વર્ણવાનો ખ્યાલ મેં રાખ્યો છે.''


પીઢ ગાંધીવાદી શ્રી ઈન્દુલાલ યાજ્ઞિકના ચિંતનને જીવનમાં ઉતારીએ.

તા. ૬ ઓગષ્ટ, ૨૦૨૧

(ડૉ. કિશોરસિંહ ચાવડા)
કુલપતિશ્રી

## યુનિવર્સિટી ન્યૂઝ

### જ્ઞાનશકિત દિવસ


આમંત્રણ

શિક્ષણ વિભાગ, ગુજરાત રાજય પ્રેરિત
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે આયોજિત

**જ્ઞાન શક્તિ દિવસ**

ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણની વિવિધ યોજનાઓ અંતર્ગત
લાભાર્થીઓને સહાય વિતરણ કરવા અંગેના કાર્યક્રમમાં
આપશ્રીને ઉપસ્થિત રહેવા હાર્દિક આમંત્રણ છે.

**શ્રી વિજયભાઈ રૂપાણી**
માનનીય મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજય
મહાત્માં મંદિર ખાતેના મુખ્ય
કાર્યક્રમના અધ્યક્ષસ્થાને
બિરાજશે.

:: મહાનુભાવ ::
**શ્રી કિશોરભાઈ કાનાણી**
માનનીય રાજયકક્ષાના મંત્રીશ્રી,
ગુજરાત રાજય

:: મહાનુભાવ ::
**શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા**
માનનીય મેયરશ્રી,
સુરત મહાનગરપાલિકા

**ડો. કે. એન. ચાવડા**
માનનીય કુલપતિશ્રી, વી.ન.દ.ગુ.યુનિવર્સિટી, સુરત

:: સમય/સ્થળ ::
રવિવાર, તા. ૦૧ ઓગષ્ટ, ૨૦૨૧ના સવારે ૧૦.૦૦ કલાકે
સેમિનાર હોલ, બાયોટેકનોલોજી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યનિવર્સિટી પરિસર, સુરત.

નિમંત્રક
**ડો. જયદીપ ચૌધરી**
ઈ.ચા. કુલસચિવશ્રી

શિક્ષણ વિભાગ, ગુજરાત રાજય ધ્વારા પ્રેરિત વીર નર્મદ દક્ષિણ ગુજરાત દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરતના ઉપક્રમે આયોજિત તા. ૦૧–૦૮–૨૦૨૧ના રોજ યુનિવર્સિટીના બોયોટેકનોલોજી વિભાગ ખાતે 'જ્ઞાનશકિત દિવસ'નો કાર્યક્રમ યોજાઈ ગયો. શ્રી વિજયભાઈ રૂપાણી (માનનીય મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજય) એ મહાત્મા મંદિર ખાતેના મુખ્ય કાર્યક્રમના અધ્યક્ષસ્થાને બિરાજમાન હતા.

આ કાર્યક્રમમાં શ્રી કિશોરભાઈ કાનાણી (માનનીય રાજયકક્ષાના મંત્રીશ્રી, ગુજરાત રાજય), શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા (માનનીય મેયરશ્રી, સુરત મહાનગરપાલિક), ડૉ. કે.એન.ચાવડા (માનનીય કુલપતિશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત), ડૉ. જયદીપ ચૌધરી (કાર્યકારી કુલસચિવ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત), અધ્યાપકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં વિવિધ યોજનાઓના વિડીયો ધ્વારા માહિતી આપવામાં આવી હતી. તથા મહાત્મા મંદિર ખાતેના મુખ્ય કાર્યક્રમના અધ્યક્ષસ્થાનનું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને પ્રતીકાત્મક નમો–ઈ–ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યું હતું, તેમજ શોધયોજના અને યુવા સ્વાવલંબન યોજનાનાનો લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શ્રી કિશોરભાઈ કાનાણીએ જણાવ્યું હતું કે 'દેશના યુવાનો પ્રામાણિક, સ્વાભિમાની અને આત્મનિર્ભર બને તે દિશામાં સરકાર કાર્ય કરી રહી છે. દેશના ઘડવૈયાઓના સ્વપ્નોને સાકાર કરવા માટે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી પ્રયાસો કરી રહયા છે. રાજયના તમામ પ્રાંતોમાંથી આવીને વસનારા લોકોના કારણે સુરતની લઘુ ભારત તરીકે ઓળખ ઊભી થઈ છે ત્યારે બાળકોને તેમની માતૃભાષામાં અભ્યાસ કરી શકે તે માટે મહાનગરપાલિકાએ સાતથી વધુ ભાષાઓના શિક્ષણ આપી રહી છે. સુરત મહાનગરપાલિકાએ ધોરણ ૧૦ અને ૧૨ના વર્ગો શરૂ કર્યા કર્યા છે. માધ્યમિક શિક્ષણ આપવાનું બીડું ઝડપ્યું છે.' શ્રીમતી હેમાલીબેન બોઘાવાલાએ જણાવ્યું હતું કે, 'રાજય સરકારે સ્કીલ ડેવલપમેન્ટ, રિસર્ચ, ઈનોવેશન અને સ્ટાર્ટઅપ જેવા અનેક ક્ષેત્રોને કાર્યાન્વિત કર્યા છે જેથી આજનો યુવાન જ્ઞાનરૂપી શિક્ષણની નવી ઊંચાઈઓ સફળતમ રીતે સર કરશે. આ કાર્યક્રમમાં મંત્રીશ્રી તથા મહાનુભાવોના હસ્તે શોધયોજના અંતર્ગત પીએચ.ડી.વિદ્યાર્થીઓને સ્કોલરશિપ, મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાના વિદ્યાર્થીઓને સહાય તથા નમો–ઇ–ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.















૫ વર્ષ આપણી સરકારના
સૌના સાથ, સૌના વિકાસના..
જ્ઞાન શક્તિ દિવસ
૦૧ ઓગસ્ટ, ૨૦૨૧
સ્માર્ટ ક્લાસ થકી ટેકનોલોજીના માધ્યમથી શિક્ષણનો વ્યાપ




ગુજરાત સરકારની
ટેબ્લેટ યોજના
Shri Narendra Modi
Prime Minister
NAMO e-TAB
New Avenues of Modern education through Tablets
Education Department
Government of Gujarat






સ્માર્ટ ક્લાસ થકી ટેકનોલોજીના માધ્યમથી શિક્ષણનો વ્યાપ




સ્માર્ટ ક્લાસ થકી ટેકનોલોજીના માધ્યમથી શિક્ષણનો વ્યાપ




HDFC BANK
A/C PAY ONLY
PAY PRAJAPTI SHREY DINESHKUMAR
RUPEES FIFTEEN THOUSAND ONLY
15000/-




HDFC BANK
A/C PAY ONLY
PAY KRISHNA VIJAYKUMAR LAPSIWALA
RUPEES FIFTEEN THOUSAND ONLY
15000/-


HDFC BANK
A/C PAY ONLY
PAY BARAD KRUPALIBEN VALLABHBHAI
RUPEES FIFTEEN THOUSAND ONLY
15000/-


HDFC BANK
A/C PAY ONLY
PAY PATEL PARIZAD TEHMTON
RUPEES FIFTEEN THOUSAND ONLY
15000/-


HDFC BANK
A/C PAY ONLY
PAY Dharsandia Krupa Jagdish
RUPEES TWENTY SEVEN THOUSAND FIVE HUNDRED
27500


MANSOOR SAMIRA AREF
TWENTY EIGHT THOUSAND ONLY
28,000/-
For, KNOWLEDGE CONSORTIUM OF GUJARAT
AXIS BANK


HDFC BANK
PAY BHAIRAVI BHAGAT
RUPEES FIFTEEN THOUSAND ONLY
15000/-


HDFC BANK
A/C PAY ONLY
PAY MODASIYA DIPAM MANISHBHAI
RUPEES THIRTY THOUSAND
30000


HDFC BANK
A/C PAY ONLY
PAY CHICHI MOH HUSAIN MOH SAHID
RUPEES TWENTY SEVEN THOUSAND ONLY
27000


KALSARIYA NARESH BABUBHAI
TWENTY EIGHT THOUSAND ONLY
28,000/-
For, KNOWLEDGE CONSORTIUM OF GUJARAT
AXIS BANK


HDFC BANK
A/C PAY ONLY
PAY DESAI VIRAJ OJAS
RUPEES FIFTEEN THOUSAND ONLY
15000/-



## ખાસ પદવીદાન સમારંભ

આગામી ૫૨ (બાવન)મો ખાસ પદવીદાન સમારંભ મંગળવાર તા. ૨૪–૮–૨૦૨૧ના રોજ offline/online વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ, ઉધના–મગદલ્લા રોડ, સુરત ખાતે યોજાનાર છે.

## COVID-19 Sequencing

યુનિવર્સિટીના બાયોસાયન્સ ડિપાર્ટમેન્ટ ખાતે ICMR માન્ય COVID-19 RT-PCR Lab હાલમાં કાર્યરત છે. આ ઉપરાંત બાયોસાયન્સ ડિપાર્ટમેન્ટ ખાતે COVID-19 Genome Sequencing માટે સુવિધા ઊભી કરવામાં આવેલ છે. ડિપાર્ટમેન્ટ ખાતે ૫૫ લાખ રૂપિયાથી વધુની કિંમતનું Illumina mini seq Next Generation Sequencing મશીન લેવામાં આવેલ છે. ડિપાર્ટમેન્ટ ખાતે COVID-19 ના Sequencing કરવા માટે DST અને GBRC માં એકશેપ્રેશન ઓફ ઈનરેસ આપેલ અને તે સંદર્ભે ડિપાર્ટમેન્ટને Geonome કામગીરી કરવા મંજુરી મળેલ છે અને આ Sequencing કરવા માટે જરૂરી કન્ઝ્યુમેબલ GBRC, DST દ્વારા પૂરાં પાડવામાં આવશે. આમ આગામી સમયમાં કન્ઝ્યુમેબલ મળ્યે અને એ સરકારની સુચના અનુસાર COVID-19 Sequencing ની કામગીરી હાથ ધરવામાં આવશે. જેનાથી આવનાર સમયમાં થર્ડ વેવ દરમ્યાન નવા વેરીયેન્ટની ઓળખ સુરત ખાતે થઈ શકશે.

## (GSIRF 2021) : Result

Gujarat Knowledge Consortium (KCG) દ્વારા વર્ષ ૨૦૨૧ માટે GSIRF (Gujarat State Institutional Rating Framework) (GSIRF 2021) નું Result જાહેર કરવામાં આવે છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને વર્ષ ૨૦૨૧માં ૩.૧ ના સ્કોર સાથે ૪ સ્ટારનું રેટીંગ મળેલ છે. યુનિવર્સિટીને આ રેટીંગમાં વિવિધ પેરા મીટરો જેવા કે,
(૧) ટિચીંગ અને લર્નીંગ રિસર્ચ (૩૦%) : ૪૫.૨૩ પોઈન્ટ
(૨) રિસર્ચ અને પ્રોફેસનલ પ્રેકટીસ (૩૦%) : ૪૪.૮૨ પોઈન્ટ
(૩) ગ્રેજયુએટ આઉટ કમ (૨૦%) : ૮૫.૧૨ પોઈન્ટ
(૪) આઉટસોર્સીંગ અને ઈન્કલુસિટીવીટી (૧૦%) : ૬૩.૬૩ પોઈન્ટ અને કુલ CGPA ૩.૧ સાથે ૪ સ્ટારનું રેટીંગ મળેલ છે. યુનિવર્સિટીને આ પહેલા વર્ષ ૨૦૨૦માં ૨.૮ CGPA સાથે ૩ સ્ટાર અને વર્ષ ૨૦૧૯માં ૨.૨૮ CGPA સાથે ૩ સ્ટાર મળેલ છે. આમ યુનિવર્સિટી છેલ્લા ત્રણ વર્ષથી GSIRF માં સતત સારો દેખાવ કરી ૪ સ્ટાર રેટીંગ પ્રાપ્ત કરેલ છે.

## Office Order

Pursuant to the Syndicate resolution no.27 dated 30-07-2021, it is hereby notified the Dr. Shaubh Keshavbhai Patel, Professor, Department of Chemistry has been appointed as Head of the Department with immediate effect.

## જાહેરનામું

યુનિવર્સિટી કાર્યાલયના તા. ૦૫–૦૭–૨૦૨૧ ના ચૂંટણી પરિપત્રાંક : એકે/અધ્યક્ષ/પ્રતિ/ચૂંટણી/૯૩૬૦/૨૦૨૧ના સંદર્ભમાં જણાવવાનું કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૧(૧) (iii) હેઠળની જોગવાઈ મુજબ વિનયન, વાણિજય, વિજ્ઞાન, શિક્ષણ, મેડીસીન, હોમિયોપેથી, મેનેજમેન્ટ સ્ટડીઝ, ગ્રામઅભ્યાસ, કમ્પ્યૂટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી,એન્ડ આર્કિટેકચર એન્ડ ડિઝાઈન વિદ્યાશાખાના અધ્યક્ષ (DEAN) તથા કલમ ૨૧(૧)(iv) હેઠળની જોગવાઈ મુજબ એકેડેમિક કાઉન્સિલ પર વિનયન , વાણિજય, કાનૂન, શિક્ષણ, મેડીસીન, હોમિયોપેથી, મેનેજમેન્ટ સ્ટડીઝ, ગ્રામઅભ્યાસ, કમ્પ્યૂટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી, એન્ડ આર્કિટેકચર એન્ડ ડિઝાઈન વિદ્યાશાખાના (અધ્યક્ષ-DEAN સિવાયના) એક પ્રતિનિધિની ચૂંટણી માટે નિયત સમયમાં કાર્યાલયને જે તે વિદ્યાશાખા માટે મળેલ ઉમેદવારી પત્રકો પૈકીના માન્ય થયેલ ઉમેદવારી પત્રકો અનુસાર નીચે જણાવ્યા પ્રમાણેની વિદ્યાશાખામાં અધ્યક્ષશ્રી (ડીન) તેમજ (અધ્યક્ષ–ડીન સિવાય)ના એક પ્રતિનિધિ તરીકે જે તે ઉમેદવારને સ્ટેટ્યૂટ ૨૬૦ ની જોગવાઈ મુજબ બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવે છે.

| ક્રમ | વિદ્યાશાખા | યુનિવર્સિટી ધારાની કલમ ૨૧(૧) (iii) હેઠળ ડીનશ્રી | યુનિવર્સિટી ધારાની કલમ ૨૧(૧) (iv) હેઠળ ડીન સિવાયના એક પ્રતિનિધિ |
|---|---|---|---|
| ૧ | વિનયન | પ્રિ. ઈશ્વરભાઈ મંછાભાઈ પટેલ | ડૉ. જશવંતભાઈ ઠાકોરભાઈ ચૌધરી |
| ૨ | શિક્ષણ | ડૉ. પત્રલેખાબેન બારડ | ડૉ. આનંદકુમાર યશોધર ભટ્ટ |
| ૩ | વિજ્ઞાન | ડૉ. કપિલા મનોજ | – |
| ૪ | કાનૂન | – | ડૉ. વિમલભાઈ પંડયા |
| ૫ | તબીબી | ડૉ. ચિન્ટુ ચૌધરી | ડૉ. મહેન્દ્રસિંહ ડી. ચૌહાણ |
| ૬ | વાણિજય | ડૉ. અશોક દેસાઈ | ડૉ. ગિરીશકુમાર નવનીતલાલ રાણા |
| ૭ | ગ્રામઅભ્યાસ | ડૉ. દિનેશકુમાર પ્ર. ચૌધરી | ડૉ. દિપકભાઈ ભોયે |
| ૮ | મેનેજમેન્ટ | ડૉ. મિસ્ત્રી સ્નેહલ હસમુખભાઈ | ડૉ. જયદીપભાઈ ચૌધરી |
| ૯ | હોમીયોપેથીક | ડૉ. વિપુલ શાસ્ત્રી | ડૉ. કશ્યપ ખરચીયા |
| ૧૦ | કમ્પ્યૂટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી | ડૉ. જોષી સ્નેહલકુમાર કિરણભાઈ | ડૉ. રૂસ્તમ મોરેના |
| ૧૧ | આર્કિટેકચર એન્ડ ડિઝાઈન | ડૉ. રાજેશ મેહતા | મહિડા વિરેન કિશોરસિંહ |

## ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ

### ગુરુપૂર્ણિમા

ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના બેચલર ઓફ લાઈબ્રેરી એન્ડ ઈન્ફરમેશન સાયન્સ અને માસ્ટર ઓફ લાઈબ્રેરી એન્ડ ઈન્ફરમેશન સાયન્સના શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ના વિદ્યાર્થીઓ દ્વારા તા. ૨૪–૭–૨૦૨૧ના રોજ 'ગુરુપૂર્ણિમા' પર્વની ઉજવણી કરવામાં આવી.

ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના ઈ.ચા.હેડ પ્રોફે. (ડૉ.) કપિલા મનોજએ કાર્યક્રમની સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી હતી અને વિદ્યાર્થીઓને આશીર્વાદ આપ્યા હતા. તદપરાંત આ કાર્યક્રમમાં મુલાકાતી અધ્યાપકો સર્વશ્રી બી. જે. અંકુયા, ડૉ. સંજીવકુમાર શર્મા, શ્રી પ્રવીણભાઈ પટેલ અને શ્રી નવનીતભાઈ પટેલે ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને આશીર્વચન આપ્યા હતા.

કાર્યક્મનું સંચાલન–આયોજન MLISc. ના વિદ્યાર્થી શ્રી મયંક પટેલ, શ્રી નિલેષે ગણેશ, શ્રી ધર્મેશ આહિર, શ્રી અશ્વિન મકવાણા અને અન્ય વિદ્યાર્થીઓના સહકારથી કરવામાં આવ્યું.

















## પૂર્વ વિદ્યાર્થીઓ ધ્વારા 'ગુરુપૂર્ણિમા' પર્વની ઉજવણી

ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના પૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા Library and Information Science-Student Association (LISSA) ના ઉપક્રમે તા. ૨૪–૭–૨૦૨૧ના રોજ ઓફલાઈન અને ઓનલાઈન માધ્યમથી 'ગુરુપૂર્ણિમા' પર્વની ઉજવણી કરવામાં આવી. અત્રે ઉલ્લેખનીય છે LISSA ની સ્થાપના વર્ષ ૨૦૧૦માં ડૉ. બી. જે. અંકુયા દ્વારા કરવામાં આવી હતી.

ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના ઈ.ચા.હેડ પ્રોફે. (ડૉ.) કપિલા મનોજએ કાર્યક્રમની સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી અને વિદ્યાર્થીઓને આશીર્વાદ આપ્યા હતા.

આ કાર્યક્રમમાં મુલાકાતી અધ્યાપકો સર્વશ્રી બી. જે. અંકુયા, ડૉ. સંજીવકુમાર શર્મા, શ્રી પ્રવીણભાઈ પટેલ અને શ્રી નવનીતભાઈ પટેલે ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને આશીર્વચન આપ્યા હતા.

આ કાર્યક્રમમાં પૂર્વ વિદ્યાર્થીઓ ડૉ. શૈલેષભાઈ પટેલ, ડૉ. પારુલ આર. પટેલ, શ્રી દિનેશ વાય શિંદે, શ્રી પિન્ટુ આઈ. પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા કાર્યક્રમના સુચારુ સંચાલનમાં મદદ કરી હતી, અને સ્વ–અનુભવોની પ્રસ્તુતિ કરીને વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમાં ૮૮ વિદ્યાર્થીઓનું Alumni માં Registration થયેલ હતું. જે પૈકી ૩૭ જેટલા વિદ્યાર્થીઓ ઓનલાઈન અને ૯ વિદ્યાર્થીઓ ઓફલાઈન ઉપસ્થિત રહ્યા હતા.


કાર્યકમનું સંચાલન–આયોજન (LISSA) ના પ્રમુખ ડૉ. શૈલેષભાઈ સી. પટેલ, સેક્રેટરી ડૉ. પારુલ આર. પટેલ, શ્રી દિનેશકુમાર શિંદે અને શ્રી પિન્ટુ પટેલ દ્વારા કરવામાં આવ્યું.












## Book Talk




શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ના માસ્ટર ઓફ લાઈબ્રેરી એન્ડ ઈન્ફરમેશન સાયન્સના ૧૯ વિદ્યાર્થીઓ ધ્વારા તા. ૨૭–૭–૨૦૨૧ થી ૨–૮–૨૦૨૧ દરમ્યાન પેપર–૭ Academic Libraries વિષયના ભાગરૂપે વર્ગખંડમાં Book Talk પ્રસ્તુત કરવામાં આવી હતી. જેમાં Academic Libraries વિષયને સંદર્ભિત ૧૯ ગ્રંથોના વિષયવસ્તુની વિસ્તૃત રીતે છણાવટ કરવામાં આવી હતી. આ અભ્યાસલક્ષી કાર્યક્રમ મુલાકાતી વ્યાખ્યાતા શ્રી બી.જે. અંકુયાના માર્ગદર્શન તળે યોજાયો હતો.

## Department of Biotechnology

### Farewell to 11th Batch of M. Sc. Biotechnology

Farewell function for 11th Batch of M. Sc. Integrated Biotechnology was organized on 10th July, 2021 at Department of Biotechnology, Veer Narmad South Gujarat University, Surat. Honorable Vice Chancellor Dr. Kishorsinh N. Chavda with In-charge Registrar Dr. Jaydipkumar Chaudari graced the occasion to motivate young batch of future scientist. Dr. Gaurav Shah, Coordinator gave example of both dignitaries and requested students to be humble and helpful in future wherever they are placed and whatever they do. In-charge Registrar shared how M. Sc. Biotechnology course which started in 2006 has evolved to Department of Biotechnology by hard work and inputs from teaching and non-teaching staff associated with department. Words of wisdom by Honorable Vice Chancellor, Dr. Kishorsinh N. Chavda Sir were motivational and made students aware regarding their importance and should be able to contribute with knowledge they have inculcated not only to society and State but also to Nation at large. Event was successfully anchored by Dr. Mayuri Rathod, Assistant Professor at Department of Biotechnology.













## કોલેજ ન્યૂઝ

### એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા.

#### ગૌરવ



બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ. વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં NCC Directorate

ગુજરાતના આદેશ મુજબ છેલ્લા ત્રણ મહિનાથી #Ek Mai Sau ke Liye Ph-5 Kargil Ke Veeron ko Gujarat Ka Aabhar કેમ્પેન ચાલી રહ્યું છે. આ કેમ્પેન દરમ્યાન ટી.વાય.બી.કોમ.માં અભ્યાસ કરતા વિદ્યાર્થી કેડેટ દીપકુમાર યાદવે વૃદ્ધાશ્રમની મુલાકાત, શહીદોના પરિવારની મુલાકાત, પોલીસ જવાનોની મુલાકાત અને દેશભક્તિના કાર્ડ બનાવવા જેવી વિવિધ પ્રવૃત્તિઓના વિડિયો બનાવી 9 Gujarat Naval Unit NCC, Navsari મોકલવામાં આવ્યા હતા. તેની આ ઉત્કૃષ્ટ કામગીરી બદલ ગુજરાત એન.સી.સી. તરફથી મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીને મળવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. આ સિદ્ધિ બદલ આચાર્ય વર્ષાબેન રાણા, એનસીસી ઓફિસર Sub. Lt ડૉ. સોનલબેન વસાવા તથા તમામ કોલેજ પરિવાર લીડિંગ કેડેટ દીપકુમાર યાદવને અભિનંદન પાઠવ્યા હતા.




## કારગીલ વિજય દિવસ : ઉજવણી



એ. વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં કારગીલ વિજય દિવસના ૨૧ વર્ષના સમાપન નિમિત્તે કારગીલ વિજય દિવસની ઉજવણી ઈન્ચાર્જ આચાર્યશ્રી વર્ષાબેન રાણાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. 9 Gujarat Naval Unit NCC, Navsari ના કમાંડિગ ઓફિસર અમિત નૈન તથા ઓફિસર યોગેન્દ્ર કુમાર અને સુશીલ કુમાર મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કમાંડિંગ ઓફિસર અમિત નૈને તેમના વકતવ્યમાં જણાવ્યું હતું કે, આર્મ ફોર્સમાં જોડાવાની અને પોતે સ્વસ્થ અને પરિવારને સ્વસ્થ રાખીને પણ સમાજનો વિકાસ કરી શકાય છે. નાની નાની પ્રવૃત્તિઓ કરીને દેશની સેવા કરવા હંમેશા તત્પર રહેવું જોઈએ. જવાનોએ હસતા હસતા પોતાનો જીવ દેશ માટે ન્યોછાવર કર્યો છે. પોતાના દેશ માટેનું બલિદાન વ્યર્થ જવું જોઈએ નહી. દેશનું ભવિષ્ય દેશના જવાનો ઉપર છે માટે દેશના જવાનોએ નોલેજેબલ બનવું જોઈએ અને દેશના વિકાસમાં હંમેશા તત્પર રહેવાની અપીલ કરી હતી અને જવાનોને યાદ કરતાં શહાદત આપી હતી. આ પ્રસંગે ગ્રીટીંગ કાર્ડ સ્પર્ધાના વિજેતાઓને અને જવાનો માટે કાર્ડ બનાવીને ખુબ સુંદર કાર્ય કરનાર દરેક વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામ આપી શુભેચ્છા પાઠવી હતી. ઉપસ્થિત ડૉ. એન. બી. સોલંકીએ પણ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. કાર્યક્રમનું સંચાલન Sub. Lt ડૉ. સોનલબેન વસાવાએ કર્યુ હતું.

## ટીચર્સ ટ્રેનિંગ : વર્કશોપ



એ. વી. પટેલ કોમર્સ કોલેજ (અંગ્રેજી માધ્યમ), બીલીમોરા દ્વારા 'ટીચર્સ ટ્રેનિંગ'નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આસપાસની હાયર સેકન્ડરી એકાઉન્ટસી અને કોમર્સના શિક્ષકોએ મોટી સંખ્યામાં ભાગ લઈ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ ઉષ્માસભર, શાંત અને સૌમ્યતાપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો.

કાર્યક્રમની શરૂઆત પ્રાથનાથી થઈ હતી. પ્રાર્થનાથી ઉત્પન્ન થયેલી દિવ્યતા પછી ઈન્ચાર્જ આચાર્યાશ્રી વર્ષાબેન રાણાની રાહબરી હેઠળ બીલીમોરા વિભાગ કેળવણી મંડળનાં મંત્રીશ્રી જસ્મીનભાઈ દેસાઈ, પ્રમુખશ્રી ભૂપેન્દ્રભાઈ અમીન, ચેરમેનશ્રી ભરતભાઈ અમીન, મંડળના ઉપાધ્યક્ષશ્રી ભરતભાઈ પટેલ તથા વકતા શ્રી ડૉ. જે. એમ. નાયક અને દિપેશ શાહ દ્વારા દિપ પ્રાગટય વિધિ કરવામાં આવી. કાર્યક્રમમાં મંડળના પૂર્વ મંત્રીશ્રી મુકેશભાઈ મહેતા અને ભગિની સંસ્થાના આચાર્યશ્રી કિશોરભાઈ નાયક (રંગ શિક્ષણ મહાવિદ્યાલય) ઉપસ્થિત રહ્યા હતા.

ઈન્ચાર્જ આચાર્યાશ્રી વર્ષાબેન રાણાએ શાબ્દિક અને પુષ્પ વડે મહેમાનોનું અભિવાદન કર્યુ હતું. ત્યારબાદ મંડળના મંત્રીશ્રી જસ્મિનભાઈ દેસાઈએ આશિર્વચનો આપી કાર્યક્રમને ખુલ્લો મૂકયો. કાર્યક્રમના પ્રથમ વકતા શ્રી ડૉ. જયંતિભાઈ નાયક (પૂર્વ આચાર્ય કોમર્સ કોલેજ, વલસાડ)એ એકાઉન્ટ શું છે ? આજના આધુનિક યુગમાં ટેકનિકલ વિષે તેના વિવિધ ઉપયોગ વિશે જ્ઞાનસભર વકતવ્ય રજૂ કર્યુ હતું. બીજા વકતા શ્રી દિપેશ શાહ (કેમ્પસ ડાયરેકટર, સેલ્ફ ફાઈનાન્સ)એ કેરિયર

'ઓપરચ્યુનિટી ઈન કોમર્સ ફિલ્ડ' વિષય પર પોતાના જ્ઞાનથી શિક્ષકોને રમુજી રીતે ઉદબોધન કરી આજના સમયમાં કેરિયર બનાવવા કેવી તૈયારી કરવી એ વાત પર ભાર મૂકી પોતાનું વકતવ્ય રજૂ કર્યું હતું.

કાર્યક્રમને હળવો અને જ્ઞાનમય બનાવતા બે રમતો રમાડવામાં આવી. પ્રા. પાર્થ ઠક્કર દ્વારા 'કોમર્સ કિવઝ' અને પ્રા. યોગીનીબેન પ્રજાપતિએ 'ટ્રેઝર હન્ટ' જેવી રમતો રમાડી હતી. કાર્યક્રમ દરમ્યાન સમગ્ર સ્ટાફ હાજર રહી શોભા વધારી હતી. ઈન્ચાર્જ આચાર્યાશ્રી વર્ષાબેન રાણાના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સેલ્ફ ફાઈનાન્સ કોલેજના અંગ્રેજી માધ્યમના કો–ઓર્ડિનેટર પ્રા. પાર્થ ઠક્કરે તથા કાર્યક્રમને જીવંત બનાવતું એન્કરિંગ પ્રા. શ્રુતિ પટેલે કર્યુ હતું. કાર્યક્રમને ફ્રેમમાં મઢવાનું કામ પૂર્વ વિદ્યાર્થી સંદીપભાઈ મહેતાએ કર્યુ હતું.

પ્રા. યોગીનીબેન પ્રજાપતિએ આચારવિધિ કરી અને રાષ્ટ્રગાન પછી સૌ છૂટા પડયા હતા. સમગ્ર કાર્યક્રમ ખૂબ સફળ રહ્યો હતો.

## ગુરુપૂર્ણિમા પર્વ : ઉજવણી



બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ. વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં ગુરુપૂર્ણિમા ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ ઈ.ચા. આચાર્ય વર્ષાબેન રાણા તથા તમામ શિક્ષકોને પુષ્પ અર્પી વંદન કર્યા હતા. વિદ્યાર્થીઓએ ગુરુપૂર્ણિમાના મહત્વ વિશે પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. ઈ.ચા. આચાર્ય વર્ષાબેન રાણાએ ઈશ્વર જ ખરા અર્થમાં ગુરુ છે એમ સમજાવ્યું હતું. શ્રી નરેન્દ્રકુમાર સોલંકી, પ્રા. સોનલબેન વસાવા, પ્રા. યોગિનીબેન પ્રજાપતિ તથા પ્રા. હરમિતસિંહ સરદારે પ્રસંગોચિત ઉદબોધન કર્યુ હતુ. કાર્યક્રમનું સંચાલન તથા આભારવિધિ પ્રા. પ્રતિક બરોડિયાએ કરી. અંતમાં રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમની પૂર્ણાહૂતિ થઈ હતી.

## સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ખેરગામ.

## ગ્રામ્ય કક્ષાનો ૭૨ મો વન મહોત્સવ' : ઉજવણી

સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ખેરગામ ખાતે તા. ૨–૭–૨૦૨૧ થી તા. ૯–૭–૨૦૨૧ દરમ્યાન ચાલનારા વૃક્ષારોપણ કાર્યક્રમ રાષ્ટ્રીય યોજના (N.S.S.) વિભાગ, સામાજીક વનીકરણ વિભાગ નવસારી, રેન્જ ચીખલી તથા કોલેજના પૂર્વ વિદ્યાર્થી એસોસીએસનના ઉપક્રમે આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલના અધ્યક્ષપણા હેઠળ 'ગ્રામ્ય કક્ષાનો ૭૨ મો વન મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને શ્રી મૌલિક પ્રજાપતિ R.F.O. ચીખલી રેન્જ તથા તેમનો સમગ્ર સ્ટાફ, શ્રી બાબુભાઈ આહિર તાલુકા હોમગાર્ડ કમાન્ડર ખેરગામ, હોમગાર્ડ યુનિટ ડિપાર્ટમેન્ટ, પૂર્વ વિદ્યાર્થી એસોસીએસનના પ્રમુખ શ્રી અંકુરભાઈ શુકલ તેમજ આચાર્યશ્રી, અધ્યાપકો અને સ્વયંસેવકો સાથે વૃક્ષારોપણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં વિવિધ પ્રકારના ફળાઉ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. જેમાં ચંપો, જમરૂખી, ફણસ, કાજુ, લીબુ, સીતાફળ, આમળા, સરગવો, આસોપાલવ, લીમડો, અરીઠા, પારિજાત વગેરે જેવાં લગભગ ૪૯૫ વૃક્ષોનું વાવેતર હાથ ધરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો ઉદ્દેશ પર્યાવરણની સુરક્ષા તથા જાળવણી કરવાનો હતો. આ સમગ્ર કાર્યક્રમમાં માસ્ક, સેનિટાઈઝર તથા સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરી કોવિડ–૧૯ની ગાઈડલાઈનનું સંપૂર્ણપણે પાલન કરવામાં આવ્યું હતું.



## ઓનલાઈન નિબંધ સ્પર્ધા

સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ખેરગામ ખાતે તા.૧૧–૭–૨૦૨૧ના રોજ વિદ્યાર્થીઓ માટે મહાકવિ કાલિદાસના જન્મદિન નિમિતે સંસ્થાના આચાર્યશ્રી ડૉ. એસ. એમ. પટેલના માર્ગદર્શન હેઠળ ગૂગલ લીકના માધ્યમથી 'ઓનલાઈન નિબંધ સ્પર્ધા' નું આયોજન કરવામાં આવ્યું હતું. મહાકવિ કાલિદાસનું સંસ્કૃત સાહિત્યમાં અનેરું યોગદાન રહ્યું છે, તેમના નાટકો અને કાવ્યો આજે પણ જન માનસ ઉપર અસર કરી રહ્યા છે. તેમના આવા પ્રદાન માટે સંસ્કૃત જગત હંમેશા તેમનું ઋણી રહેશે. આવા મહાન કવિને યાદ કરવા માટે વિદ્યાર્થીઓએ પોતાના સ્વ હસ્તાક્ષરે નિબંધ લખી તેની પીડીએફ ફાઈલ બનાવી ગૂગલ લીકના માધ્યમથી ઓનલાઈન નિબંધ સબમીટ કર્યા હતા. જેમાં પ્રથમ નંબરે પટેલ અંજના એ., દ્વિતીય નંબરે પટેલ અંજલી એમ. અને તૃતીય નંબરે પટેલ મહેશ્વરી આર.ને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. કોવિડ–૧૯ની મહામારીની પરિસ્થિતિને ધ્યાને લઈ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્કૃત વિષયના અધ્યાપક શ્રી યોગેશ એન.

ટંડેલ અને ચેતના બી. પટેલે ઓનલાઈનના માધ્યમથી કરવામાં આવ્યું હતું.

## ગુરૂપૂર્ણિમા પર્વ : ઉજવણી



સરકારી વિનયન અને વાણિજય કોલેજ, ખેરગામ ખાતે તા. ૨૩–૭–૨૦૨૧ને શુક્રવારના રોજ આચાર્યશ્રી ડૉ. એસ.એમ.પટેલના માર્ગદર્શન તથા IQAC કો–ઓર્ડિનેટરશ્રી ધર્મરાજ ટૅંભરેના અધ્યક્ષપણા હેઠળ સપ્તધારા અંતર્ગત ગુરૂપૂર્ણિમાના પાવન પર્વની ઉજવણી કરવામાં આવી. વેદ વ્યાસના જન્મદિન તથા ભગવાન બુધ્ધના પ્રથમ ઉપદેશના દિન તરીકે અષાઢ સુદ પૂર્ણિમાનો દિવસ ગુરૂપૂર્ણિમાં તરીકે ઉજવવામાં આવે છે. ગુરૂપૂર્ણિમાને વ્યાસપૂર્ણિમા પણ કહેવાય છે. ગુરૂ એટલે 'અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જનાર'. આજના દિને અધ્યાપકો તથા વિદ્યાર્થીઓએ ગુરૂનું મહત્વ સમજાવતાં પોતાના ઉમદા વિચારોની જ્ઞાન ગંગા વહાવી હતી તથા કાર્યક્રમના અધ્યક્ષ શ્રી ધર્મરાજ ટૅંભરેએ પોતાના સાચા ગુરૂની ઓળખ કેવી રીતે કરવી તેની યોગ્ય સમજણ વિદ્યાર્થીઓને આપી હતી. કોલેજના ૯૬ વિદ્યાર્થીઓએ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી સમગ્ર કાર્યક્રની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જી.એસ. હરિકૃષ્ણ પટેલે કર્યુ હતું તથા અધ્યાપક શ્રી ખુમરાજ મહેતાએ ઉપસ્થિત સૌનો આભાર વ્યક્ત કરી રાષ્ટ્રવંદના સાથે કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરી હતી.

## શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા.

## અભિવાદન, મુખપત્ર વિમોચન અને રોપા વિતરણ

શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય ખાતે યોજાયેલ ત્રિઆયામી કાર્યક્રમ અંતર્ગત બીલીમોરા વિભાગ કેળવણી મંડળ આયોજીત કુલપતિ અભિવાદન કાર્યક્રમ અંતર્ગત નવસારી કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. ઝીણાભાઈ પટેલનું ઉમળકાભેળ અભિવાદન હાથ ધરાયું હતું. કાર્યક્રમની શરૂઆત મંગળમય પ્રાર્થનાથી થઈ હતી. ઉપસ્થિત મહેમાનશ્રીઓનો સ્વાગત, પરિચય આચાર્ય ડૉ. કિશોરભાઈ નાયકે પોતાની આગવીશૈલીમાં આપીને કાર્યક્રમની યથોચિત ભૂમિકા બાંધી હતી. બીલીમોરા વિભાગ કેળવણી મંડળ તરફથી ડૉ. ઝીણાભાઈનું સ્વાગત શ્રી ભુપેન્દ્રભાઈ અમીન, શ્રી ભરતભાઈ અમીન અને શ્રી જસ્મીનભાઈ દેસાઈએ પૂષ્પગૂચ્છ, શાલ અને સ્મૃતિભેટ દ્વારા કરીને કૃષક સંસ્કૃતિને પણ બિરદાવી હતી. ત્યાર બાદ કુલપતિશ્રી ડૉ. ઝીણાભાઈ પટેલે તેમના પ્રવચનમાં બીલીમોરા વિભાગ કેળવણી મંડળની ભૂમિકા બિરદાવી અને વિદ્યાર્થીઓને જીવનલક્ષી પ્રેરક પ્રવચન આપીને જીવનમાં સફળતા પ્રાપ્ત કરી ઉન્નતિના શિખરે કેવી રીતે પહોંચી શકાય તેની પ્રેરક વાતો પોતાના જ ઉદાહરણ દ્વારા સમજાવી હતી. ત્યારબાદ કૃષિ યુનિવર્સિટી સંલગ્ન કિસાન વિકાસ કેન્દ્રના નિયામક ડૉ. સી.કે.ટીમ્બડીયાના વરદહસ્તે સંસ્થાના મુખપત્ર "શ્રીરંગમ્" નું વિમોચન કરવામાં આવ્યું હતું. મુખપત્રના સંપાદક પ્રા. ડૉ. શીતલબેન વસાવાએ સંપાદીત ઉદ્બોધન કરી મુખપત્રની યાત્રા જણાવી હતી. ડૉ. સી. કે. ટીમ્બડીયાએ પ્રતિભાવમાં કૃષિ યુનિવર્સિટીના વિકાસમાં કુલપતિશ્રીની વિવિધ નિર્ણાયક ભૂમિકાઓની વાત કરી વિદ્યાર્થીઓને ભાવિ શિક્ષક તરીકે સફળ થવા બાબતે કેટલીક જીવનલક્ષી વાત પોતાની આગવી શૈલીમાં ખૂબ સહજતાથી કરી હતી. બીલીમોરા વિભાગ કેળવણી મંડળના પ્રમુખશ્રી ભૂપેન્દ્રભાઈ અમીને પણ કૃષિ યુનિવર્સિટી આપણને કઈ રીતે ઉપયોગી થઈ શકે એ બાબતે મૌલિક રજૂઆત કરી હતી. આ વર્ષે બી.એડ.નો અભ્યાસ સંપન્ન કરનાર તાલીમાર્થીઓ તેમની આ સંસ્થાની તાલીમની મધુર સ્મૃતિ કાયમી બને એ માટે એક છોડ પોતાના ઘરે અથવા પોતાના ગામમાં ઉછેરે એવી પ્રતિબદ્ધતા સાથે વૃક્ષોના રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની આભારવિધિ ડૉ. કલ્પેશભાઈ ટંડેલ અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. નમ્રતાબેન પટેલે સફળતાપૂર્વક પાર પાડયું હતું. ભગિની સંસ્થાના આચાર્યોએ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી.





## વિદાય સમારંભ અને સ્વાગત કાર્યક્રમ





બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલયના વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંલગ્ન અંતિમ બેચના તાલીમાર્થીઓનો ભાવસભર દીક્ષાંત સાથે વિદાય સમારંભ યોજાયો હતો. આચાર્યશ્રી ડૉ. કિશોરભાઈ નાયકે વિદાય લઈ રહેલા ભાવિ શિક્ષકોને દેખાડા અને બાહ્ય ભભકાથી દૂર રહી શિક્ષકની સ્વસજ્જતા, કૌશલ્યસભર રજૂઆતનું કૌશલ્ય અને પોતે ભગવાનની યોજનાના ભાગરૂપે શિક્ષક તરીકેનો સ્વધર્મ બજાવે, એને સતત વફાદાર રહી આંતરિક સૌંદર્યને વિકસાવવા બાબતે આગવી શૈલીથી પ્રેરિત કર્યા હતા. સહુ અધ્યાપકશ્રીઓએ બી.એડ. દરમિયાનના ખાટા–મીઠા સંભારણાઓ વાગોળી નોકરીની તક માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી, તાલીમ બાદ પણ રહી ગયેલી નાની મોટી મર્યાદાઓના નિવારણ બાબતે, શાળાઓની અને સમાજની પ્રવર્તમાન પરિસ્થિતિ બાબતે, વિદ્યાર્થીઓની અભ્યાસ બાબતે અભિરુચિ અને વલણોની નિખાલસ અને હૃદયસ્પર્શી ચર્ચાઓ કરી સૌને શ્રીરંગમ પરિવારના દૂત તરીકે ભરપૂર સફળતા અને કાર્ય સંતોષ બાબતે શુભાશિષ પાઠવ્યા હતા. ઘણા બધા તાલીમાર્થીઓએ આ સંસ્થાએ એમને શું આપ્યું તે બાબતે આત્મ નિવેદનો કરી આ સંસ્થાના કાયમી ઋણી રહેવાનો સૂર વ્યક્ત કર્યો હતો. તેમણે આચાર્યશ્રી ડૉ. કિશોરભાઈ, અધ્યાપકશ્રીઓ ડૉ. નમ્રતાબેન, ડૉ. કલ્પેશભાઈ, ડૉ. ગાયત્રીબેન, ડૉ. શીતલબેન, ડૉ. ફાલ્ગુનીબેન અને ડૉ. કિરીટભાઈની તેમના ઘડતરના ભાગરૂપે સંવેદેલી ભૂમિકાને ખૂબ આદરપૂર્વક સ્વીકારી હતી. સંસ્થાના બિનશૈક્ષણિક સ્ટાફના સ્નેહાળ અભિગમને પણ તેમણે બિરદાવ્યો હતો. આ વર્ષ વયનિવૃત્ત થનાર પ્રિ. ડૉ. કિશોરભાઈ નાયકને એમના જન્મદિવસ નિમિત્તે શૈક્ષણિક, બિનશૈક્ષણિક સ્ટાફ તથા તાલીમાર્થીઓએ ભાવસભર શુભેચ્છાઓ પાઠવી હતી. ગત વર્ષથી આઈ.આઈ.ટી.ઈ., ગાંધીનગર સાથે અનુબંધિત થયેલ આ કોલેજના બીજા બેચના તાલીમાર્થીઓએ આ સંસ્થામાં પ્રવેશ મેળવી તેમના શિક્ષકત્વના પાઠો શીખવાના મંગલાચરણ કર્યા હતા. આ નવોદિત તાલીમાર્થીઓનું ખૂબ ઉમળકાભેર કંકુ તિલકથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આધ્યાત્મિકતાથી ભરપૂર આ સંસ્થાના ભાવાવરણમાં તેમના આવા સહૃદયી આવકારથી સહુ ભાવવિભોર થયા હતા.

## C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara.

### Gurupurnima





C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara and HMAI Vyara unit Celebrated "GURUPURNIMA" on 28-07-2021. All the Staff Members & Hospital Staff celebrated Gurupoornima by offering floral tribute to Guru Dr. Hahnemann.

Each Teaching Staff was felicitated with small gift. Senior most faculty Dr. Pramod Patel delivered Motivational speech. Then all had delicious refreshment together. whole programme was coordinated by Activity Committee under the guidance of Principal Dr. Jyoti Rao Mam.

સાભાર: લોકતેજ (હિન્દી) તા. ૧૫–૭–૨૦૨૧

# वीर नर्मद साउथ गुजरात यूनिवर्सिटी में जीनोम सिक्वेंसिंग टेस्ट को मंजूरी

## सूरत गांधीनगर के बाद दूसरा शहर होगा जहां जिनोम सीक्वेंसिंग होगा

### कोरोना वायरस के प्रकार और उसके म्यूटेशन का पूरी तरह से परीक्षण किया जाएगा

लोकतेज संवाददाता

सूरत। गुजरात सरकार ने गुजरात जैव प्रौद्योगिकी अनुसंधान केंद्र (श्क्क्ष्ट) गांधीनगर के समन्वय से सूरत के वीर नर्मद दक्षिण गुजरात विश्वविद्यालय के बायोटेक विभाग में जीनोम अनुक्रमण परीक्षण करने की मंजूरी दे दी है। यह जीनोम सीक्वेंसिंग प्रयोगशाला कोरोना वायरस के वेरिएंट और वे कितने घातक हैं, इसका परीक्षण करती है। जिसमें वायरस के प्रकार और उसमें किए गए बदलावों की पूरी तरह से जांच की जाती है।

विश्व स्वास्थ्य संगठन (डब्ल्यूएचओ) का दावा है कि कोरोना वायरस का डेल्टा संस्करण दुनिया भर में तेजी से फैल रहा है। विश्व स्वास्थ्य संगठन ने सभी देशों को चेतावनी दी है कि डेल्टा संस्करण 104 देशों तक पहुंच गया है और जल्द ही दुनिया पर हावी हो जाएगा।

गुजरात में अहमदाबाद के बाद सूरत शहर में कोरोना संक्रमण के सबसे ज्यादा मामले सामने आए। सूरत शहर में जीनोम सिक्वेन्सिंग टेस्ट होता है तो जीस टेस्ट का रिपोर्ट गांधीनगर से दो महीने में आता था वह महज 8 से 10 दिन में आ जाएगा। रिपोर्ट जल्द आने से उस दिशा में तेजी से काम किया जाएगा।



गांधीनगर में समग्र राज्य से परीक्षण के लिए ज्यादा सेम्पल आते है क्योंकि कोरोना संक्रमण बहुत व्यापक है। जीबीआरसी जीनोम अनुक्रमण के लिए नमूना परीक्षण से भरा हुआ है। ऐसे में अगर सूरत शहर में टेस्ट ऑपरेशन शुरू होता है तो गांधीनगर आने वाले टेस्टींग रिपोर्ट का बोझ कम होगा। अहमदाबाद के बाद सूरत में कोरोना संक्रमण के हालात बेहद भयावह हो जाते हैं। इस लिए सूरत में भी जीनोम अनुक्रमण प्रयोगशाला शुरू करने की मांग थी, लेकिन प्रयोगशाला के लिए उच्च सुरक्षा मानक का विशेष ध्यान रखना होता। उसके बाद ही परीक्षण के लिए स्वीकृती मिलने की उम्मीद होती है। तमाम मामलों की जांच के बाद सूरत के लिए बड़ी राहत की खबर है की वीर नर्मद दक्षिण गुजरात युनिवर्सिटी में जीनोम सिक्वेसिन्ग की अनुमति प्राप्त हुई है। वीएनएसजीयू के सूक्ष्म जीव विज्ञान विभाग के डॉ प्रवीण दुधागरा ने कहा, 卐हम हर सोमवार को सभी सीवेज पंपिंग केंद्रों से नमूने एकत्र करेंगे।卐 कोरोना वायरस की उपस्थिति के लिए नमूनों का परीक्षण किया जाएगा। अभी तक सूएज ट्रिटमेन्ट प्लान्ट से जितने सैंपल लिए गए हैं, उनमें डेल्टा वायरस नहीं मिला है जो हमारे लिए अच्छी खबर है।

सूरत नगर निगम के उप स्वास्थ्य आयुक्त आशीष नायक ने कहा कि एसएमसी के स्वास्थ्य विभाग ने ट्रिपल-टी रणनीति (परीक्षण, अनुरेखण और उपचार) जारी रखा है। घर-घर जाकर नियमित रूप से स्वास्थ्य सर्वेक्षण किया जा रहा है। जीनोम लैब को अनुमति देने से बहुत से वास्तविक कार्य आसान हो जाएंगे। इसका सबसे बड़ा फायदा यह है कि लंबे समय से चली आ रही सैंपल की जांच के नतीजे जल्दी आएंगे।

**Chief Editor: Dr. K. C. Poria**
Professor and Head
Department of Physics, Veer Narmad South Gujarat University,Surat.

**Editor: Dr. B. J. Ankuya**
Assistant Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Published by: Dr. Jaydip N. Chaudhari**
I/c. Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : ડૉ. બી.જે.અંકુયા, તંત્રી, દક્ષિણાયન, યુનિવર્સિટી ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayanlibrary.vnsgu@gmail.com

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgulibrary.org.in